# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસિય ચોમાસુ સત્રનો આજથી આરંભ. નવ વિધેયકો રજૂ થશે.**
2. **ગાંધીનગર વિધાનસભા સંકુલમાં આજે મુખ્યમંત્રી સહિત રાજ્યના તમામ ધારાસભ્યો વૃક્ષારોપણ કરશે.**
3. **આજે રાજ્ય મંત્રી મંડળની યોજનારી બેઠકમાં વરસાદની વર્તમાન સ્થિતી , જળ વિતરણ અંગેની ચર્ચા.**
4. **આપણી આંગણવાડી આપણી જવાબદારી' થીમ સાથે આજથી 8 ઓક્ટોબર સુધી 9મા 'રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી.**
5. **સુરતના સારોલીમાં ટેક્ષટાઇલ્સ માર્કેટના છઠ્ઠા માળે લાગેલી ભીષણ આગ કાબૂમાં લેવાના પ્રયાસ.**
6. **અમદાવાદમાં રમાઈ રહેલી વિશ્વ પેરા તીરંદાજી સ્પર્ધામાં ભારતીય પેરા તીરંદાજો આજે સુવર્ણ ચંદ્રક જીતવાના જુસ્સા સાથે મેદાનમાં ઉતરશે.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# VIDHANSABHA SESSION

ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર આજથી શરૂ થશે. 11 સપ્ટેમ્બર સુધી ચાલનારા આ સત્ર દરમિયાન પહેલા દિવસે તાજેતરમાં અવસાન પામેલા પૂર્વ અને હાલના સભ્યોને શોકાંજલી અપાશે.

# SACHIVALAY EK PAD MA KE NAM

એક પેડ માઁ કે નામ અભિયાન હેઠળ સચિવાલય પરિસરમાં વૃક્ષારોપણ થશે. વિધાનસભાના સત્ર અગાઉ યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળ અને તમામ 182 ધારાસભ્યો વૃક્ષારોપણ કરશે. અત્યાધુનિક આપત્તિ વ્યવસ્થાપન સુવિધા 'ભીષ્મ ક્યુબ' ના ઉદ્ઘાટન સમારોહની પૂર્ણાહુતિ બાદ આ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.

# GUJARAT CABINET BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સાંજે પાંચ વાગે ગાંધીનગર ખાતે કેબિનેટની બેઠક યોજાશે. વિધાનસભાના ચોમાસુ સત્રને કારણે રાજ્ય મંત્રીમંડળની બેઠક સાંજે યોજાશે. આ બેઠકમાં વરસાદની અછતની સ્થિતિ, ઘાસચારો, પાણીનું આયોજન સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર ચર્ચા થવાની શક્યતા છે.

# JASHU RATHWA

વડોદરાના ગઇકાલના પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી દ્વારા મધ્યપ્રદેશના ટાંડા રોડ સુધીની નવી પેસેન્જર ટ્રેન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાથે જ છોટાઉદેપુર-ધાર રેલવે પ્રોજેક્ટના ભાગરૂપે જોબટ-ટાંડા રોડ નવી રેલવે લાઇન પણ રાષ્ટ્રને સમર્પિત હતી. આ નવી રેલવે કનેક્ટિવિટી ગુજરાત અને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે તેમ ધારાસભ્ય જશુ રાઠવાએ કહ્યું હતું.

**(બાઇટ - જશુ રાઠવા ધારાસભ્ય છોટાઉદેપુર)**

*(દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ વડોદરાથી લાઈવ થઈને તાંડારોડથી પ્રતાપનગરની જે મેમુ ટ્રેન છે એને લીલી ઝંડી આપી છે, ત્યારે આ રેલ સેવાથી મધ્યપ્રદેશના ધાર જિલ્લો અને અલીરાજપુર જિલ્લો ગુજરાત સાથે જોડાશે અને ત્યાંના નાગરિકોને ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થવાનો છે.)*

# SHARMIK ORAGANISATION ONLINE RAGISTRATION

રાજ્યમાં 10 કે તેથી વધુ શ્રમયોગીઓ ધરાવતી ઔદ્યોગિક અને વ્યાપારી સંસ્થાઓ માટે શ્રમ સેતુ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. રાજ્યમાં શ્રમિકોની સુરક્ષા, આરોગ્ય અને કામકાજની સ્થિતિને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશથી શ્રમ આયુક્તની કચેરી દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના 'ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કંડિશન કોડ, 2020' **(OSH&WC Code)** અને ગુજરાત સરકાર દ્વારા લાગુ કરાયેલા નિયમો અંતર્ગત હવે 10 કે તેથી વધુ શ્રમયોગીઓ ધરાવતા તમામ કારખાના, બાંધકામ સ્થળો, ઔદ્યોગિક તેમજ વ્યાપારી સંસ્થાઓ માટે ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત રહેશે.શ્રમ સેતુ પોર્ટલ મારફતે અરજી કરવાની રહેશે.

## EDUCATION

**હોમિયોપેથિક અને આયુર્વેદિકમા પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ હવે 17 થી 30 સપ્ટેમ્બર સુધી થશે. હોમિયોપેથિક અને આયુર્વેદિકની મોટાભાગની કોલેજોની મંજૂરીની પ્રક્રિયા થઇ રહી હોવાને કારણે કેન્દ્ર દ્વારા પ્રવેશ માટેનો રિવાઈઝ્ડ કાર્યક્રમ જાહેર કરાયો છે.**

**ચાલુ વર્ષે હોમિયોપેથિક અને આયુર્વેદિકની પ્રવેશ પ્રક્રિયા મેડિકલ અને ડેન્ટલથી અલગથી જ શરૂ કરવામા આવી છે. તાજેતરમા જ કેન્દ્ર દ્વારા પ્રવેશના કુલ પાંચ રાઉન્ડનો કાર્યક્રમ જાહેર કરવામા આવ્યો હતો. જે સ્ટેટની પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ 9થી 24 સપ્ટેમ્બર દરમિયાન યોજાવાનો હતો. પણ અમુક કારણોસર હવે 17 સપ્ટેમ્બરથી 30 સપ્ટેમ્બર સુધીમા પ્રથમ રાઉન્ડ યોજાશે.**

# NATIONAL POSHAN MASS

'આપણી આંગણવાડી આપણી જવાબદારી' થીમ સાથે આજથી 8 ઓક્ટોબર સુધી ૯મા ‘રાષ્ટ્રીય પોષણ માસ’નો પ્રારંભ થશે. રાજ્યના વિવિધ જિલ્લાઓ અને દેશભરમા આ જન આંદોલન એક મહિનો ચાલશે.

આ અભિયાનનો મુખ્ય હેતુ નાના બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધારો લાવવાનો છે.

પોષણ માસ દરમિયાન આંગણવાડીમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત માતાના સ્વાસ્થ્ય માટે રોકડ સહાય સહિતના કાર્યક્રમો હાથ ધરાશે.

આ જન અભિયાનમાં પોષણક્ષમ સ્વાસ્થ્યપ્રદ આહાર અને જીવન શૈલી અંતર્ગત વિવિધ જનજાગૃતિનાં કાર્યક્રમો હાથ ધરશે.

# BHAVNAGAR CAMP NIMUBEN BAMBHNIYA

ભાવનગર જિલ્લાના મોરચંદ ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં **613** લાભાર્થીઓને **55** લાખ રૂપિયાથી વધુના નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કરવામા આવ્યા હતા. દેશભરમાં અત્યાર સુધીમાં આ યોજના હેઠળ **9.23** લાખથી વધુ વરિષ્ઠ નાગરિકોને **49** લાખથી વધુ સહાયક ઉપકરણો પૂરા પાડવામાં આવ્યા છે. આ કેમ્પમાં  વ્હીલચેર , લાકડી, કાનનું મશીન , કૃત્રિમ દાંત , કમરનો બેલ્ટ, વોકર સહિત અનેક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. દેશના છેવાડાના માનવી સુધી સરકારની વિભિન્ન જન કલ્યાણકારી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચે તે માટે સરકાર સતત કાર્યરત  હોવાનુ નીમુબેન બાંભણિયા જણાવી રહ્યા છે.

(બાઈટ - નિમુબેન બાંભણિયા)

*(મોરચંડ ખાતે ૬૧૩ જેટલા જે વયોવૃદ્ધ છે એમને ૫૫ લાખની મૂલ્યાંકનથી ૩૪૦૦ જેટલા નિઃશુલ્ક સાધનો મળવાના છે. આ સાધનો પ્રાપ્ત થવાથી વડીલોનું જીવન સરળ, સુગમ અને આત્મનિર્ભર બનશે.)*

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

# SURAT ALIENCE

સુરતની લીંબાયત પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, **ICJS** પોર્ટલ અને **Face Match App**ની મદદથી **102** જેટલા ગુનામાં સંડોવાયેલા આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આશરે **120 CCTV** કેમેરાના ફૂટેજ તપાસી અને ટેકનિકલ માહિતીના આધારે આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ.**15** લાખની કિંમતના **116.97** ગ્રામ સોના અને **247.460** ગ્રામ ચાંદીના દાગીના રિકવર કરી **5** અનડિટેક્ટ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો છે.

**(બાઈટ - DD ચૌહાણ, PI, લિંબાયત પોલીસ સ્ટેશન)**

*(પોલીસ દ્વારા ફેસ મેચ એપ્લિકેશન જેના દ્વારા ફોટો પાડી અને જે પોલીસ ડેટાના અંદર જે રેકોર્ડ રહેલા છે જે આરોપીના ફોટોગ્રાફ્સ સાથે મેચ કરતા ખબર પડી કે આરોપીનું નામ છે એ નિલેશ અંકુશ કાલે નામનો ઇસમ છે જેના વિરુદ્ધમાં 100 કરતા વધારે ગુના દાખલ થયેલા છે. જે લિંબાયત પોલીસ સ્ટેશનમાં જે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયેલો છે તેમજ એ સિવાય ઉધના પોલીસ સ્ટેશનમાં પણ એક ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયેલો છે એનો ભેદ ઉકેલ્યો. એ સિવાય પુણા પોલીસ સ્ટેશન મહારાષ્ટ્રના બે ગુના અને મુંબઈ સિટીનો એક ગુનો. ટોટલ 15 લાખ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે રિકવર કર્યો છે.)*

# BANASKANTHA MADAKPADARTH

બનાસકાંઠાના ડીસામાંથી માદક પદાર્થ સાથે યુવક ઝડપાયો છે. માદક પદાર્થ વિરોધી કાર્યદળે બાતમીના આધારે ટેકરા વિસ્તારના એક મકાનમાં દરોડો પાડ્યો હતો. જ્યાંથી પોલીસે 81 ગ્રામ માદક પદાર્થનો જથ્થો ઝડપી પાડ્યો છે. જેની કિંમત 16 લાખ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી સામે **NDPS** એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે DYSP એસ. જે. બલોચ

**(બાઈટ - એસ. જે. બલોચ, ઇન્ચાર્જ DYSP, ANTF બોર્ડર ઝોન )**

*(૮૧ ગ્રામ જેટલો માદક પદાર્થ મળી આવેલ. આ માદક પદાર્થનું ફોરેન્સિક એક્સપર્ટ દ્વારા પ્રાથમિક પરીક્ષણ કરતાં સદરહું માદક પદાર્થ હેરોઇન શ્રેણીમાં આવતો હોવાનું પ્રથમ દ્રષ્ટિએ અભિપ્રાય મળતા મજકૂર ઇસમ મહેશ ઉર્ફે બલ્લો ભરતભાઈ ઠાકોર નાઓની વિરુદ્ધમાં સીઆઈડી ક્રાઇમ બોર્ડર ઝોન ખાતે એનડીપીએસ એક્ટની કલમ ૮ સી, ૨૧ બી મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ.)*

# SURAT FIRE

સુરતના સારોલી વિસ્તારના ટેક્સટાઇલ માર્કેટમાં રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. 6ઠ્ઠા માળેથી આગ નીચેના માળે પ્રસરતા ફાયર વિભાગે તાત્કાલિક 'બ્રિગેડ કોલ' જાહેર કર્યો હતો. ફાયર કંટ્રોલ રૂમને ગત રાત્રે સવા 12 વાગ્યે માર્કેટમાં આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. જેને લઈ ઉચ્ચ અધિકારીઓ સહિત પ્રારંભિક તબક્કે 5 થી 6 ફાયરની ગાડીઓ રવાના કરવામાં આવી હતી. છેલ્લા ઘણા કલાકથી વધુ સમયથી આગ પર કાબૂ મેળવવા માટે જહેમત ચાલી રહી હતી ઘણા અંશે આગને કાબુમાં લઈ લેવામાં આવી છે, જોકે આગ લાગવાનું પ્રાથમિક કારણ હજુ સુધી અકબંધ છે. વધુ માહિતી આપી રહ્યા છે ચીફ ફાયર ઓફિસર બસંત પરીખ

(બાઈટ- ચીફ ફાયર ઓફિસર - બસંત પરીખ)

*(लगभग 12:50 के आसपास फायर ब्रिगेड कंट्रोल रूम में कॉल आया था और तीन गेट से गाड़ियां भेजी थी। वहां पर अधिकारी पहुँचने के बाद बताया कि चौथे और पांचवें माले पर आग लगी हुई है और पूरा माला जो है पकड़ा हुआ है। तो ब्रिगेड कॉल डिक्लेअर किया और अभी फायर की करीब 20 के आसपास गाड़ियां यहाँ लगी हुई हैं, 20-22 गाड़ियां। और हाइड्रोलिक प्लेटफॉर्म टर्नटिबल लेडर और नाइट में कॉल था और अभी 4 कल्लाक के आसपास फायर फाइटिंग के बाद में थोड़ा कंट्रोल हुआ है अभी।)*

# EC GNANANESH KUMAR GUJARAT VISIT

'ભારતમાં ચૂંટણીઓનું સંચાલન – વિશ્વની સૌથી મોટી લોકશાહી'ના વિષય પર સંવાદ સાધવા ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર 10 અને 11 સપ્ટેમ્બર ના રોજ ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવશે. તેઓ ગુજરાત યુનિવર્સિટી સ્થિત અટલ કલામ હોલ ખાતે રાજ્યભરના 500થી વધુ બૂથ લેવલ ઓફિસર્સ **(BLOs)** સાથે સંવાદ સાધશે. ત્યારબાદ, તેઓ શેલા સ્થિત **AUDA** ઓડિયોરિયમ ખાતે **1000** થી વધુ ઈલેક્ટોરલ લિટરસી ક્લબ **(ELC)**ના સભ્યોને પ્રોત્સાહિત કરશે અને તેમની સાથે સંવાદ કરશે, તદુપરાંત આ કાર્યક્રમમાં તાજેતરમાં લોન્ચ કરાયેલા **ELC 2.0**ના વિઝન, મિશન અને મુખ્ય વિશેષતાઓની જાણકારી આપવામાં આવશે. તથા ચૂંટણી માટેના 'ઓલ સોલ્યુશન્સ પ્લેટફોર્મ' તરીકે કાર્યરત **ECINET** વિષયક એક માહિતીસભર સત્ર હાથ ધરવામાં આવશે.

# WORLD PARA ARCHERY

ગુજરાતના અમદાવાદમાં રમાઈ રહેલી વિશ્વ પેરા તીરંદાજી સ્પર્ધામાં ભારતીય પેરા તીરંદાજો આજે વિવિધ ઇવેન્ટ્સમાં સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીતવા મેદાનમાં ઊતરશે.

ફાઇનલમાં પેરા રિકર્વ મિક્સ્ડ ટીમમાં, ભારતની ભાવના અને હરવિંદર સિંહ ચીનની લિયાંગ કિયુરોંગ અને ઝિયા લેઇ સામે ટકરાશે. ભારતની શીતલ દેવી પેરા કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગત શ્રેણીની ફાઇનલમાં કઝાકિસ્તાનની એઝાદા સીદાન સામે રમશે. શીતલ દેવી પેરા કમ્પાઉન્ડ મિશ્ર ટીમમાં કાંસ્ય ચંદ્રક મેચમાં પણ ભાગ લેશે. તો પેરા રિકર્વ મહિલા કાંસ્ય ચંદ્રક મેચમાં, રાજશ્રી રાઠોડ દેશબંધુ ભાવના સામે ટકરાશે.